વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

December-2024

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :
**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

# ધન્ય આરાધક!!



સર્વ જ્ઞાનીપુરુષોના વચનોનું સમન્વય કરી તેમના જ્ઞાનીપણાને સમજાવનાર, વર્તમાન સમાજને અતિ ઉપકારી એવા સ્વાનુભવવિભૂષિત પૂજ્ય ભાઈશ્રી શશીભાઈને તેમના ૯૨માં જન્મજયંતિ (માગશર સુદ આઠમ) પ્રસંગે તેમની ઉપકારસ્મૃતિરૂપે સ્વાનુભૂતિપ્રકાશ પરિવારના ભક્તિપૂર્ણ શત-શત વંદન

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૧ : અંક–૩૨૪, વર્ષ–૨૬, ડિસેમ્બર–૨૦૨૪




આ વાત સમજવામાં અનંતો પુરુષાર્થ જોઈએ, ઘણી અંદરમાં પાત્રતા જોઈએ, બધેથી સુખબુદ્ધિ ઉડી જવી જોઈએ, એની ઘણી પાત્રતા જોઈએ. એની પર્યાયમાં ઘણી યોગ્યતા જોઈએ છે. શ્રીમદ્ કહે છે કે તું તારા દોષથી દુઃખી થઈ રહ્યો છે, તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું ને પોતાને ભૂલી જવું. ૨૨૯.

*

સત્‌ને માટે આખું જગત વેચાઈ જાવ, આખું જગત જાવ, પણ આત્મા જતો ન કરાય. ૨૩૪.

*

ભગવાનની મૂર્તિની જેમ ભગવાનના આગમનું બહુમાન જોઈએ. આગમ એ મુનિઓનો અક્ષરદેહ છે. ૨૩૫.

*

## પૂજ્ય ગુરુદેવશ્રીના 'પરમાગમસાર'માંથી ચૂંટેલા કેટલાક વચનામૃતો

જ્ઞાનમાં જેમ જેમ સમજણ દ્વારા ભાવભાસન વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનું સામર્થ્ય વધતું જાય છે અને એ વધતાં જતાં જ્ઞાન સામર્થ્ય વડે મોહ શિથિલ થતો જાય છે. જ્ઞાન જ્યાં સમ્યક્‌પણે પરિણમે છે, ત્યાં મોહનો સમૂહ નાશ પામે છે. માટે જ્ઞાનથી જ આત્માની સિદ્ધિ છે, જ્ઞાન સિવાય બીજું કોઈ આત્મસિદ્ધિનું સાધન નથી. ૨૩૬.

*

ધન રળવાનો કાળ છે ઈ તો મરવાનો કાળ છે. આ તો કમાવાનો કાળ છે, આત્માના આનંદને કમાવાનો કાળ છે એને ચૂકીશ નહીં. ૨૪૦.

*

જેણે જીવન કાળમાં સંયોગનો વિયોગ સાથે જ ભાવ્યો છે, અનુકૂળતામાં પણ એના વિયોગની ભાવના ભાવી છે તેને તેના વિયોગ કાળે ખેદ નહિ થાય. ૨૪૨.

*

દેહ તો તને છોડશે જ પણ તું દેહને (દૃષ્ટિમાં) છોડ એની બલિહારી છે ..... આ તો શૂરવીરના ખેલ છે. ૨૪૩.

*

એકવાર અંદરમાં નજર કર કે હું પણ સિદ્ધની જેમ અશરીરી છું, શરીરને સ્પર્શતો જ નથી, અત્યારે જ શરીરથી છૂટો છું, એમ શ્રદ્ધા નહીં કરે તો જ્યારે શરીરથી છૂટો પડશે ત્યારે એની લાળ શરીરમાં જ લંબાશે. ૨૪૭.

ભાઈ ! સંયોગોનો ત્યાગ થયો એમાં તારી પર્યાયમાં શું ફેર પડ્યો ? બહારમાં ઓછા-વધતા સંયોગો હોય એનું લક્ષ છૂટી જાય. અને કષાય મંદ હોય કે તીવ્ર હોય તેનું પણ લક્ષ છૂટી જાય, અને તારો પર્યાય ચૈતન્યવસ્તુને પકડીને પરિણમે ત્યારે મિથ્યાત્વનો ત્યાગ થાય એ ખરો ત્યાગ છે. ૨૪૮.

*

પુણ્ય-પુણ્ય કરીને અજ્ઞાની પુણ્યની મીઠાશ વેદે છે, પણ પુણ્યની મીઠાશ તો એનું ખૂન કરે છે. મિથ્યાત્વભાવ તે કષાયખાનું છે, મિથ્યાત્વનું પાપ સાત વ્યસનથી પણ અનંતગણું છે, તેનું જે પોષણ કરે છે તેણે કષાયખાના માંડ્યા છે. ૨૫૦.

*

સંતો કહે છે કે અમે અમારા સ્વઘરમાં આવ્યા. હવે અનુકૂળતાના બરફમાં અમે ઓગળી જવાના નથી અને પ્રતિકૂળતાની અગ્નિમાં બળવાના નથી. અમારો જ્ઞાન વિલાસ પ્રગટ્યો છે એમાં અમે પોઢ્યા તે પોઢ્યા. હવે અમને ઉઠાડવા કોઈ સમર્થ નથી. ૨૯૬.

*

અનુભવથી શોભા ખરેખર આત્મદ્રવ્યને લઈને છે. આત્મદ્રવ્ય કૂટસ્થ હોવાથી જોકે અનુભવમાં આવતું નથી. અનુભવ તો પર્યાયનો જ થાય છે, પરંતુ પર્યાયે દ્રવ્યને સ્વીકાર્યું એ પર્યાયની શોભા આત્મદ્રવ્યને લઈને જ છે. ૨૯૭.

*

સમયસાર એટલે સર્વજ્ઞની દિવ્યધ્વનિનું વર્તમાન પુરું રૂપ. બાર અંગ અને ચૌદ પૂર્વનું દોહન સમયસાર છે અને આખા સમયસારનું દોહન ૪૭ શક્તિઓ છે. શક્તિઓનું વર્ણન કરીને આત્માનું પરમાત્માપણું ખોલી નાખ્યું છે. આ શક્તિઓના વર્ણનમાં તો કેવળીના પેટ છે. ભરતક્ષેત્રમાં અજોડ શાસ્ત્ર સમયસાર છે. ૨૯૮.

*

અહો ! સમ્યગ્દ્રષ્ટિ જીવ છ છ ખંડના રાજ્યમાં ઊભા હોય છતાં તેના જ્ઞાનમાં જરીયે મચક નથી આવતી કે આ મારા છે અને છન્નું હજાર અપ્સરા જેવી રાણીઓના વૃંદમાં ઊભા હોય છતાં જરીયે એમાં સુખબુદ્ધિ થતી નથી. અરે ! કોઈ નરકની ભીષણ વેદનામાં પડ્યા હોય તો પણ અતીન્દ્રિય આનંદની વેદનની અધિકતા છૂટતી નથી. એ સમ્યગ્દર્શનનું શું મહાત્મ્ય છે તે જગતને બાહ્યદ્રષ્ટિથી કળવું કઠણ છે. ૨૯૯.

*

દર્શન મોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શન મોહનો અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી. ૩૦૦.

*

આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ. આનું આ રટણ કરવું જોઈએ. જાગતાં, ઉંઘતાં એનો પ્રયત્ન જોઈએ. એની રૂચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે ! એને જોવાનું કુતૂહલ જાગે તેને જોયા વિના ચેન ન પડે. ૩૦૧.

*

ભાઈ તારા મહાત્મ્યની શી વાત ! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત ! અહો ! મારી તાકાત તે કેટલી ? જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી ? રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ. પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ. – એમ પોતાને પ્રતીતિ આવતાં હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહિ રહી શકું એમ ભરોસો આવી જાય છે. ૩૦૩.

*

આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ ! – એમ નિરાવલંબનપણે કોઈના આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો

રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ ... હું ... આ ... હું ... એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે. (નિર્વિકલ્પ થવા પહેલાંની દશા આવી હોય છે) ૩૦૪.

*

જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું તેમ દુઃખ દુઃખ ને દુઃખ છે–ઝેર છે તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે. ૩૦૭.

*

પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મૂકે ! એ વિસામો ખાવા ઊભો રહેતો હશે ! એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ પોતાને લાગવું જોઈએ. ૩૦૮.

*

ભાઈ ! તું શરીર સામું ન જો ! તારા વિકલ્પ મફતમાં જાય છે ને આત્માનું કાર્ય પણ થતું નથી. શરીર દગો દેશે. ભાઈ ! તારા આત્માનું કરવાનું છે તે કરી લે. ૩૧૧.

*

પરસત્તાવાળા તત્ત્વોને ગ્રહવાનું અભિમાન. પરસત્તાવાળા તત્ત્વોને ત્યાગવાનું અભિમાન. એ અભિમાન જ મિથ્યાત્વ છે. અને તે સાત વ્યસનના પાપ કરતાં પણ મહાન પાપરૂપ છે. ૩૧૨.

*

એકવાર પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે. નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે, આ જ સ્વભાવ છે એમ સ્વભાવ સન્મુખમાં જ જોર હોવાથી અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે. ૩૧૪.

*

## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૯૨મી જન્મ જયંતી આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

આત્માનુભવ સંપન્ન પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૯૨મી જન્મ જયંતી **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**, ભાવનગર ખાતે આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થઈ. આ પ્રસંગે મુંબઈ, કોલકાતા, અમદાવાદ, આગ્રા, જેતપુર, બરોડા, સોનગઢ ઈત્યાદિ શહેરોથી મુમુક્ષુઓએ પધારીને લાભ લીધો. તા. ૦૭-૧૨-૨૦૨૪ ના રોજ જિનમંદિરથી એક ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ. જે ગામના પ્રસિદ્ધ વિસ્તારોમાંથી પસાર થઈ જિનમંદિરજીમાં સમાપ્ત થઈ.

તા. ૦૮-૧૨-૨૦૨૪ ના જન્મ જયંતી દિને બાલકુંવરના પારણાઝુલન, જન્મવધામણા, ભક્તિ તથા 'અધ્યાત્મપિપાસા' ભાગ-૫ નું વિમોચન આદિ કાર્યક્રમો યોજાયેલ જેમાં સર્વે મુમુક્ષુઓએ આનંદોલ્લાસપૂર્વક ભાગ લીધેલ.



## પૂજ્ય બહેનશ્રીની મુનિભક્તિ

અહીં (શ્રી પ્રવચનસાર શરૂ કરતાં) કુંદકુંદાચાર્યભગવાનને પંચ પરમેષ્ઠી પ્રત્યે કેવી ભક્તિ ઉલ્લસી છે! પાંચેય પરમેષ્ઠીભગવંતોને યાદ કરીને ભક્તિભાવપૂર્વક કેવા નમસ્કાર કર્યા છે! ત્રણે કાળના તીર્થંકરભગવંતોને સાથે-સાથે મનુષ્યક્ષેત્રે વર્તતા વિદ્યમાન તીર્થંકરભગવંતોને જુદા યાદ કરીને - 'સૌને ભેગા તેમ જ પ્રત્યેક-પ્રત્યેકને હું વંદન કરું છું' એમ કહીને અતિ ભક્તિભીના ચિત્તે આચાર્યભગવાન નમી પડ્યા છે. આવા ભક્તિના ભાવ મુનિને-સાધકને-આવ્યા વિના રહેતા નથી. ચિત્તમાં ભગવાન પ્રત્યે ભક્તિભાવ ઊછળે ત્યારે, મુનિ આદિ સાધકને ભગવાનનું નામ આવતાં પણ રોમેરોમ ખડા થઈ જાય છે. આવા ભક્તિ આદિના શુભભાવ આવે ત્યારે પણ મુનિરાજને ધ્રુવ જ્ઞાયકતત્ત્વ જ મુખ્ય રહે છે તેથી શુદ્ધાત્માશ્રિત ઉગ્ર સમાધિરૂપ પરિણમન વર્ત્યા જ કરે છે અને શુભભાવ તો ઉપર ઉપર તરે છે તથા સ્વભાવથી વિપરીતપણે વેદાય છે. ૪૦૭


*

મુનિરાજના હૃદયમાં એક આત્મા જ બિરાજે છે. તેમનું સર્વ પ્રવર્તન આત્મામય જ છે. આત્માના આશ્રયે નિર્ભયતા ઘણી પ્રગટી છે. ઘોર જંગલ હોય, ગીચ ઝાડી હોય, સિંહ-વાઘ ત્રાડ નાખતા હોય, મેઘલી રાત જામી હોય, ચારેકોર અંધકાર વ્યાપ્ત હોય, ત્યાં ગિરિગુફામાં મુનિરાજ બસ એકલા ચૈતન્યમાં જ મસ્તપણે વસે છે. આત્મામાંથી બહાર આવે તો શ્રુતાદિના ચિંતવનમાં ચિત્ત જોડાય અને પાછા અંદરમાં ચાલ્યા જાય. સ્વરૂપના ઝૂલામાં ઝૂલે છે. મુનિરાજને એક આત્મલીનતાનું જ કામ છે. અદ્‌ભુત દશા છે! ૩૯૪

*

**આભાર**

'સ્વાનુભૂતિપ્રકાશ' (ડિસેમ્બર-૨૦૨૪, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
૧) સ્વ. સ્વાતિ પ્રશાંતભાઈ જૈન, ભાવનગર તથા
૨) શ્રી શાંતિલાલજી દેઢિયા પરિવાર, મુંબઈ
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



## ‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’માંથી પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીનો પૂજ્ય ભાઈશ્રી શશીભાઈને લખેલ પત્ર (પત્રાંક-૪૪)

કલકત્તા, ૧૦-૯-૬૩

આત્માર્થી....

આપનો તા. ૩-૯ નો પત્ર મળ્યો. અગાઉનો પત્ર પણ સમયસર મળ્યો હતો.

આપે દશલક્ષણી પર્વ ત્રણ લોકમાં પરમ ઉત્તમ, નિર્ભય બનાવનાર, પરમ નિર્ભિક સિંહ-સ્વરૂપ એવા ‘શ્રી ગુરુદેવ’ના સાન્નિધ્યમાં મનાવ્યું હશે. તેઓ કહે છે કે, ‘સ્વભાવ અંશમાં જરાયે દોષ નથી.’ નિત્ય સ્વભાવમાં દૃષ્ટિ થંભી જવાથી ઉત્પન્ન થયેલા સહજ સ્વભાવમાં ક્ષમા આદિના દૂષિત ભાવો પ્રત્યક્ષ પરાશ્રિત-પરના (જડના) છે, તેથી સહજ ક્ષમાભાવ ત્રિકાલ જયવંત વર્તો. આપણે કદી દોષ કર્યો જ નથી એવો સ્વભાવ નિરંતર વૃદ્ધિ પામો. વિભાવના ગુંજારવમાં ગુંજતો રહેતો અજ્ઞાન ભાવ સહજ નાશ પામો. વિભાવમાં બંધાઈ જશો નહીં. સ્વભાવની સીમામાં નિરંતર અડગ સ્થિર રહો. ક્ષણિક વિભાવ વેદાઈ જતાં તે અધિકની સીમાને પાર કરી શકતો નથી. (એક સમયમાં વેદાઈ જાય છે.) એથી તે ત્યાં જ લય પામી જાય છે.


કર્તા-કર્મ-ક્રિયાના ભેદ જેમાં ભાસતા નથી,
અકર્તૃત્વ શક્તિ અખંડ રીત ધરીને રહે છે;
એના શોધક બનીને જ્ઞાન માંહિ જાણી લેજો,
તેનું લક્ષ થતાં અનંત સુખ પ્રાપ્ત થાય છે.

**જ્ઞાનકણિકા પત્ર દ્વારા મંગાવી પણ તે તો તમારી પાસે જ છે.** સ્વ-અવલંબનથી સહજ જ વિભાવથી અલગ થઈને, તે (જ્ઞાનકણિકા) પ્રગટતી રહે છે. હે **શશીભાઈ** ! અનેકાનેક જીવોની યોગ્યતા અક્ષય સુખના ઉદયની છે, તેથી તીર્થંકરથીયે અધિક એવા સત્પુરુષનો યોગ પ્રાપ્ત થયો છે. જેમની નિત્ય પ્રેરણા ત્યાંથી (સોનગઢના સત્પુરુષથી) વિમુખ કરાવીને પોતાના નિત્ય ભંડારની તરફ લક્ષ્ય કરાવતી રહે છે. અહીંથી જ પૂજ્ય ‘ગુરુદેવ’ના ન્યાયો અનુભવસિદ્ધ બનીને દ્રઢતા પ્રાપ્ત કરાવે છે.

‘જિન (નિજ) સુમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો સુમનેન,
જિન ધ્યાયંતે પરમ પદ, લહિએ એક ક્ષણેણ.’
(જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો સુમનથી-સમ્યગ્જ્ઞાનથી,
જિન ધ્યાન કરતાં પરમપદ, લહીએ ક્ષણ એકે.)

વાત્સલ્યાનુરાગી
**નિહાલચંદ્ર**

***



# ‘ધન્ય આરાધક’

## (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનો સંક્ષિપ્ત જીવન પરિચય)




સામાન્યતઃ કોઈપણ સાધારણ મનુષ્યનો ઈતિહાસ કે જીવનચરિત્ર લખાતુ નથી પરંતુ જે સ્વયંના પુરુષાર્થથી સ્વયંનો ઈતિહાસ બનાવે છે અર્થાત્ જન્મ-મરણનો છેદ કરીને જીવનમુક્ત થાય છે, તેનું જીવન ચરિત્ર લખાય છે અને તેની યશગાથા સમસ્ત લોકમાં પ્રસરે છે. એવા જ એક પુરુષાર્થવંત આત્માનું અર્થાત્ ‘પૂ.ભાઈશ્રી’નું જીવનચરિત્ર અત્ર પ્રસ્તુત છે.

જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં આવેલ ભારત દેશમાં અનેક તીર્થંકરો, આચાર્યો તથા જ્ઞાની ભગવંતો થતા આવ્યા છે. આ કારણથી આ ભૂમિ હંમેશા પવિત્ર રહી છે. અનાદિકાળથી પરિભ્રમણ કરતા અનેક જીવો આ ક્ષેત્રથી સાધના સાધીને મોક્ષમાં પધાર્યા છે. એવા આ ભારત દેશના સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર નામના એક નાનકડા ગામમાં, સંવત ૧૯૮૯ના માગશર સુદ આઠમ, તા–૨૪–૧૧–૧૯૩૩ના મંગલ દિવસે, પ્રમાણિક સદ્ગૃહસ્થ શ્રી મનસુખલાલ લઘરચંદ શેઠને ત્યાં આવા જ કોઈ પવિત્ર આત્માનું આગમન થયું. માતુશ્રી રેવાબહેનની કુખ દીપી ઊઠી. પ્રભાવશાળી પુરુષના પુનિત આગમનથી કોને હર્ષ ન થાય ? અર્થાત્ સર્વને હર્ષ થાય.

વાતાવરણ પ્રફુલ્લિત અને અનેરા પ્રકારના આનંદોલ્લાસથી હર્ષવિભોર થઈ ઊઠ્યું છે. ભરત ભૂમિ ફરી એકવાર ગૌરવવંતી બનીને ધન્યતાનો અનુભવ કરી રહી છે. માતા-પિતાના હર્ષનો પાર નથી. બાળકની શાંત અને સૌમ્ય મુખમુદ્રા દેખી તૃપ્તિ થતી નથી. સૌ કોઈ આ આત્માને જોઈને અનેરી શાંતિ અનુભવે છે. અનંત તીર્થંકરો જે માર્ગે ચાલ્યા એ માર્ગે ચાલવા આ શૂરવીર આત્માએ આગમન કર્યું છે. અહો! ધન્ય છે આ ભૂમિને! અને ધન્ય છે આ માતા-પિતાને! ફરીથી જન્મ ધારણ ન કરવો પડે એ અર્થે જેણે જન્મ ધારણ કર્યો છે. ચંદ્રની ચાંદની જેમ શીતળતા રેલાવે છે અને ભૂમિને શ્વેત કરે છે, તેમ ત્રિવિધ તાપથી આકુળ-વ્યાકુળ થઈને ઝાંઝવાના જળને લેવા દોડતા ક્લેષિત આત્માઓને શીતળતા પ્રાપ્ત કરાવનાર અને દોષોની કાલિમાને ધોઈ પવિત્ર અને શ્વેતદશા પ્રાપ્ત કરાવનાર આ બાળકનું નામ ‘શશીકાંત’ રાખવામાં આવ્યું.

**બાળપણ :–**

મૂળ વતન રાણપુરમાં બાળકુમાર શશીકાંતની નયનરમ્ય ચેષ્ટાથી સૌ કોઈ મનોમન મલકાઈ રહ્યાં છે. સ્વયંની નિર્દોષ ચેષ્ટાથી લોકોના મન હરનાર બાળકુમારનું જીવન આનંદથી વ્યતીત થઈ રહ્યું છે. અત્યારથી જ આ બાળકુમાર નીડર, પાપભીરૂ, ગુણગ્રાહી, સ્વતંત્ર

વિચારક તથા આદર્શ વિચારધારા ધરાવે છે. પ્રથમથી જ અસાધારણ બુદ્ધિમત્તાને કારણે શાળામાં પ્રાયઃ પ્રથમ અથવા દ્વિતીય નંબરે ઉત્તીર્ણ થાય છે. ૯-૧૦ વર્ષની વયે તેમના દાદાજી દ્વારા તેમનામાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. વૈશ્નવ કુટુંબમાં જન્મ થયો હોવાને કારણે રામાયણ, ગીતા, મહાભારત, ભાગવત વગેરે ગ્રંથો વાંચે છે. પાણીના પુરની જેમ ચાલી રહેલી સ્મરણ શક્તિના કારણે જોતજોતામાં શ્રીમદ્ ભાગવત ગીતાના બે-ત્રણ અધ્યાયોના સંસ્કૃત શ્લોકો કંઠસ્થ કરી લીધાં છે. બાળકુમાર પ્રત્યેક કાર્ય ચુસ્તતાથી તથા દૃઢ મનોબળથી કરે છે. આ તો અલૌકિક આત્મા, આત્માની સાધના સાધનારા છે તે સાધારણ બાળકોની કોટિમાં કઈ રીતે આવી શકે? બાળકુમારની ચુસ્તતા તથા દૃઢ મનોબળના દર્શન આપણે નિમ્નલિખિત પ્રસંગ ઉપરથી કરીએ.

ઉનાળાના દિવસો છે, કાળઝાળ ગરમી રેલાવતો સૂર્ય આકાશમાં તપી રહ્યો છે. આવા અતિશય પ્રખર તાપમાં નિશાળમાં આર. એસ. એસ. પરેડ ચાલી રહી છે. પરેડ દરમ્યાન અત્યંત તૃષાને કારણે કંઠ સુકાઈ રહ્યો છે છતાં નિયમોનું પાલન ચુસ્તપણે કરવાનું હોવાથી બાળકુમાર કંઈપણ બોલતા નથી. એકબાજુ ધોમધખતો તાપ, બીજી બાજુ કડકપણે ચાલી રહેલી પરેડ, સુકાઈ ગયેલો કંઠ જાણે કે પાણીના બિંદુ માટે પોકાર કરી રહ્યો છે, તેવામાં પરેડ પુરી થવાની જ્યાં તૈયારી થાય છે ત્યાં બાળકુમાર ચક્કર ખાઈને નીચે પડી જાય છે. જુઓ ! બાળકુમારની ચુસ્તતા અને દૃઢ મનોબળ !!

કુમાર શશીકાંતની સ્વતંત્ર વિચારધારા તથા અનુભવ પ્રધાનતાના દર્શન પણ અત્ર કરવા યોગ્ય છે. ૧૪ વર્ષની ઉંમર છે, યુગપુરુષ પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી જેવા મહાપ્રતાપી સત્પુરુષ રાણપુરમાં પધાર્યા છે. કુમાર શશીકાંતને આત્મકલ્યાણકારી મંગળ પ્રવચનો સાંભળવાની ઉત્કંઠા થાય છે અને પ્રવચન સાંભળવા જાય છે. પ્રવચનમાં પૂ. ગુરુદેવશ્રી ફરમાવી રહ્યાં છે, 'જુઓ ! આત્મામાં જ્ઞાન સ્વયં થઈ રહ્યું છે. આ જ્ઞાન વાણીથી ઉત્પન્ન થતું નથી કે ગુરુથી પણ ઉત્પન્ન થતું નથી. આપમેળે જ ઉત્પન્ન થયા કરે છે'. આ વાત સાંભળતી વખતે 'જુઓ' શબ્દનો પ્રયોગ થયો હોવાથી, કુમાર શશીકાંત અંદર જુએ છે અને તેને પણ એમ લાગે છે કે 'ખરેખર, મારું જ્ઞાન પણ સ્વયં સહજ ઉત્પન્ન થઈ રહ્યું છે'. જુઓ ! પૂર્વ સંસ્કારને કારણે અનુભવ પદ્ધતિ કેવી રીતે જાગૃત થાય છે ! આવા-આવા અનેક સદ્ગુણો ધરાવનાર કુમાર યૌવન અવસ્થામાં પ્રવેશ કરે છે.



**યુવાવસ્થા :-**

અસાધારણ બુદ્ધિમત્તાને કારણે ખૂબ-ખૂબ ભણવાના વિચારો આવે છે અને એફ. આર. સી. એસ. (લંડન) ડૉક્ટર થવાની બળવાન મહત્ત્વાકાંક્ષા સેવાય છે. પરંતુ પ્રારબ્ધ કંઈક જુદુ જ હોવાને કારણે અને કુટુંબની આર્થિક પરિસ્થિતિ અત્યંત નબળી હોવાને કારણે યુવાવયમાં પ્રવેશ થતાં મેટ્રીકનો અભ્યાસ પૂર્ણ કરી પિતાજીના વ્યવસાયમાં જોડાવું પડે છે. તેની કાર્યકુશળતા, બુદ્ધિમત્તા અને પ્રમાણિકતા જોઈને તેમના એક સ્નેહીએ મુંબઈ જેવા મોટા ક્ષેત્રમાં જવાની પ્રેરણા આપી અને મુંબઈમાં એક મોટા કમિશન એજન્ટને ત્યાં નોકરીએ રહી જાય છે.

આ અરસામાં મુંબઈમાં નોકરી દરમ્યાન વિરમગામના શ્રી દોશી કીરચંદ લક્ષ્મીચંદના પુત્રી, ચંદ્રાવતી સાથે સગપણ થયું. આ દિવસોમાં જ પાંડુરંગ



શાસ્ત્રીજીને સાંભળવાનો પ્રસંગ પણ થાય છે અને તત્ત્વજ્ઞાન સબંધીનો રસ જાગૃત થયો. મહાત્મા નિશ્ચલદાસજી કૃત શ્રી વિચારસાગર ગ્રંથ વાંચવાનું બન્યું. આ વાંચનથી તત્ત્વવિચાર તથા મંથન તીવ્રતાથી ચાલવા લાગ્યું. આવી અંતરંગ પરિસ્થિતિમાં સમ્યક્જ્ઞાનને અનુસરતો એક દષ્ટિકોણ સાધ્ય કરવાનો અભિપ્રાય થાય છે કે 'કોઈપણ પ્રસંગે મારી તે પરિસ્થિતિ અંગેનો નિર્ણય યથાર્થ પ્રકારે લેવાય તેવો દષ્ટિકોણ મારે પ્રાપ્ત કરવો જોઈએ' આ વિષય ઉપર નિરંતર ચિંતન તથા મંથન ચાલ્યા કરે છે.


પ્રથમથી જ આદર્શની મુખ્યતારૂપ વિચારધારા, તત્ત્વજ્ઞાનનો રસ, કુળધર્મનો અપક્ષપાત, મધ્યસ્થતા, સાંપ્રદાયિક ધર્મ પ્રત્યેના આકર્ષણ તથા અંધશ્રદ્ધાના અભાવરૂપ સદ્‌ગુણો સાથે જૈન દર્શન પરત્વે ક્યા પ્રકારે આકર્ષણ થયું તે પણ અત્ર દ્રષ્ટવ્ય છે.

એક વખત મુંબઈમાં પેઢી ઉપર બેઠા છે, તેવામાં સાથે કામ કરવાવાળા એક સદ્‌ગૃહસ્થ આવી, હાથ જોડીને ક્ષમા માગે છે. ત્યારે આશ્ચર્ય સાથે ક્ષમા માંગવાનું કારણ પુછે છે અને ત્યારે જાણવા મળે છે કે જૈન ધર્મમાં આ પ્રકારે આખા વર્ષ દરમ્યાન જો કોઈપણ પ્રકારે એક-બીજા પ્રત્યે દોષ થયો હોય તો તેની ક્ષમા માંગવામાં આવે છે. આનંદાશ્ચર્ય સાથે જૈનદર્શન પ્રત્યે અહોભાવ જાગે છે અને આકર્ષણ થાય છે અને રાણપુરના બાળપણનો દિવસ યાદ આવે છે; ત્યાં પણ જૈન ધર્મીના ઘરમાં કેવા પ્રકારની રીતિ-નીતિ હોય છે તે તાદશ્ય થાય છે. અગાઉ રાણપુરમાં એક દિવસ એક જૈન ધર્મીના ઘરમાં જવાનો પ્રસંગ ઊભો થયો હતો. ત્યાં છાણા ભેગા કરેલા હતા તેમાંથી રસોઈના કામ અર્થે છાણા કાઢવામાં આવે છે અને તાપણાંમાં મુકતા પહેલા ખંખેરીને જુએ છે કે કોઈ જીવાત આદિ તો નથી? આ જોઈને એમ થયું હતું કે જૈન દર્શનમાં નાનામાં નાના જીવની હિંસા ન થાય તેની પણ કેટલી કાળજી રાખવામાં આવે છે!! અહો! પુત્રના લક્ષણ પારણાંમાંથી એ કહેવત અનુસાર જેમના થકી સમસ્ત જિનશાસનની પ્રભાવના થવાની છે એવા આ પવિત્ર આત્માને ગુણ પ્રત્યે પ્રમોદ આવે છે. આમ જૈનદર્શન અને કુળધર્મને તુલનાત્મક દષ્ટિકોણથી જોવાનું સહજ બને છે. મુંબઈમાં અતિશય કામકાજનું દબાણ તથા સખત પરિશ્રમના કારણે સ્વાસ્થ્ય કથળે છે અને મુંબઈ છોડી દઈ ભાવનગર આવે છે અને ભાવનગરમાં એક સબંધીની પેઢીમાં નોકરીએ રહી જાય છે.

પરંતુ ભાવનગરમાં તત્ત્વજ્ઞાનના રસને પોષણ નહીં મળતું હોવાને કારણે તેની ક્ષતિ લાગ્યા કરે છે. કોઈ સત્સંગ નથી મળતો, કોઈ તત્ત્વજ્ઞાનની વાત કરવાવાળુ પણ નથી દેખાતુ તે કારણે મન ઉદાસ રહ્યા કરે છે. પરંતુ જેનો આત્મા ખરેખર આ પરિભ્રમણથી છૂટી જવાનો છે તેનાથી સત્ય કેટલા દિવસ દૂર રહી શકે? શું ભાવના સાથે કુદરત બંધાયેલી નથી? અવશ્ય બંધાયેલી છે.

**દિશાબોધ :–**

સત્સંગનો અભાવ, સ્વયંના તત્ત્વજ્ઞાનના રસને નહીં મળતું પોષણ, સત્યની શોધ અને સુખથી વંચિત અંતરંગ અતૃપ્ત પરિણતિ, આવી અંતરંગ પરિસ્થિતિ વચ્ચે, વિધિની કોઈ ધન્ય પળ આવે છે. એક દિવસ પેઢી ઉપર બેસીને કામ કરી રહ્યાં છે. ત્યાં બાજુમાં પડેલા એક ગ્રંથ ઉપર નજર જાય છે અને ગ્રંથનું નામ વાંચે છે – 'શ્રીમદ્ રાજચંદ્ર'. જૈનદર્શનમાં પ્રવેશ થવાનું પહેલું નિમિત્ત કારણ બની ગયું. મુક્ત થવાની દિશાના મંડાણનો પ્રથમ મંગલ પ્રસંગ બન્યો. જિજ્ઞાસા સાથે



ગ્રંથના પાના ફેરવી જોતાં લાગ્યું કે કોઈ તત્ત્વજ્ઞાન વિષયક ગ્રંથ છે. ગ્રંથનો વિશેષ અભ્યાસ કરતાં લખનાર એવા કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રના વચનામૃતોથી પોતે પ્રભાવિત થાય છે. તેમની મધ્યસ્થતા જોઈને હૃદય પ્રફુલ્લિત થઈ ઉઠ્યું. તત્ત્વજ્ઞાનના રસને પોષણ મળ્યું, અંતરંગ અતૃપ્ત પરિણતિને જાણે કે વિશ્રાંતિનું સ્થાન મળ્યું!!

આ ગ્રંથ વાંચતા એવી પ્રતીતિ થાય છે કે જૈન દર્શનમાં જીવ અને જડ પરમાણુનું વિજ્ઞાન છે અને બન્ને પદાર્થોમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધે જે અસર ઉત્પન્ન થાય છે તેનાથી જીવમાં સુખ-દુઃખની ઉત્પત્તિ થાય છે. સુખ-દુઃખની સમસ્યાનો ઉકેલ મળી જાય તો હંમેશને માટે બહુ મોટુ કામ થઈ જાય. આ અપેક્ષાથી જૈન દર્શનમાં ઊંડા ઉતરવાનો અત્યંત રસ ઉત્પન્ન થયો. ગુણ-દોષની ચર્ચા, પદાર્થની વૈજ્ઞાનિક દષ્ટિકોણથી નય, પ્રમાણની પદ્ધતિથી સુવ્યવસ્થિત પ્રતિપાદન કરવાની પદ્ધતિ જોઈને જૈન દર્શનની સર્વોત્કૃષ્ટતા હૃદયમાં અંકિત થઈ ગઈ. અનંત કાળથી ચાલી રહેલા જન્મ-મરણ અને તે દરમ્યાન થતાં દુઃખ અને ક્લેશથી છૂટવાનો એકમાત્ર ઉપાય આત્મજ્ઞાન છે, આ વાત ઉપર ધ્યાન જાય છે. આ કારણથી ગમે તેમ કરીને કોઈપણ આત્મજ્ઞાનીના સાન્નિધ્યમાં રહીને પોતાના પ્રત્યેક પરિણામોનું નિવેદન કરીને માર્ગદર્શન મેળવવું એવો સૌ પ્રથમ મંગલ વિચાર ઉદ્ભવે છે. કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના સત્સંગના મહત્ત્વ અંગેના વિચારો યથાર્થ પ્રકારે સમજાયાથી સત્સંગ અર્થે તીવ્ર ભાવના રહ્યા કરે છે અને 'જ્યાં ચાહ છે ત્યાં રાહ છે' એ અનુસાર ભાવના ફળે છે અને ભાવનગરમાં એક ધર્મપ્રેમી મુમુક્ષુને ત્યાં સત્સંગની સુમંગલ શરૂઆત થાય છે.

**નિજ પરમાત્માના વિયોગની વેદના તથા ઝુરણાઃ-**

કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથનું અત્યંત ગહન અવગાહન ચાલે છે અને સુખ-દુઃખની સમસ્યાનો ઉકેલ મળી શકે એમ છે તેમ દેખાતાં હૃદય પ્રતિદિન આ સમસ્યાને ઉકેલવા માટે ઊંડે-ઊંડે ઉતરવા લાગ્યું. સત્ય સુખ ક્યાં છે ? દુઃખની નિવૃત્તિ કેમ થાય ? સર્વ પ્રકારના દોષથી કઈ રીતે નિવૃત્ત થવાય ? જન્મ-મરણ શા માટે? જન્મ-મરણનો આત્યંતિક વિયોગ ક્યા પ્રકારે થાય? આવા-આવા અનેક પ્રકારના પ્રશ્નો માનસપટ પર છવાયેલા રહે છે. આવી અંતરંગ પરિસ્થિતિ વચ્ચે સત્સંગની શરૂઆત થઈ અને રોજ પરોઢિયે ચાર વાગે સત્સંગ અર્થે જવાનું શરૂ થયું. એક બાજુ કૃપાળુદેવના ગ્રંથનું અધ્યયન અને બીજી બાજુ અંતરંગમાં આવી પરિણામોની સ્થિતિ!

સવારે ૪ વાગે એકાંતનો સમય છે. કડકડતી ઠંડીમાં જ્યાં સમસ્ત વિશ્વ ભાવનિદ્રા અને દ્રવ્યનિદ્રામાં પોઢી રહ્યું છે ત્યાં જન્મ-મરણનો ઉકેલ શોધવા નીકળેલો આ આત્મા ધીર, ગંભીર અને ધીમી ચાલથી ચાલતાં-ચાલતાં સત્સંગમાં જઈ રહ્યો છે. બાજુના ગામડામાંથી અડધી રાત્રે રવાના થઈ એક ખેડુત ગાડુ લઈને ઉકરડો (ખાતર) ભેગો કરવા માટે ચાલ્યો આવે છે. આ જોઈને વિચાર આવે છે કે આવી તુચ્છ વસ્તુ માટે પણ આ ખેડુત કેટલી પ્રતિકુળતા અને પરિશ્રમ વેઠે છે તો પછી હું તો જગતનું સર્વોત્કૃષ્ટ કાર્ય કરવા નિકળ્યો છું; તે માટે આથી વધુ કોઈપણ કિંમત ચુકવવી પડે તો તેમાં શું વિશેષતા છે ? બસ ! પછી તો આવી મંગલ વિચારધારા વચ્ચે આંખમાંથી ચોધાર આંસુની ધારા વહી રહી છે કોઈ રોકવા ચાહે તો રોકી શકાય નહિ

એવી હૃદયદ્રાવક વેદના વચ્ચે અંતરંગ શુદ્ધિકરણની પ્રક્રિયા ચાલે છે. હૃદયમાંથી તીવ્ર વેદના સહિત ધ્વનિ નીકળી રહ્યો છે,

'હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું ? દીનાનાથ દયાળ,
હું તો દોષ અનંતનું, ભાજન છું કરૂણાળ
અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન
અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ?'

'નિજ દોષનો અત્યંત પશ્ચાતાપ થયા વિના પવિત્રતાની શરૂઆત થતી નથી'. એ સિદ્ધાંત અનુસાર અનંત કાળથી ચાલ્યા આવતા નિજ દોષનો અત્યંત તીવ્ર પશ્ચાતાપ અને નિજ પરમાત્મ સ્વરૂપના વિયોગની વેદનાથી આ આત્માનું હૃદય હમેશા રડ્યા કરે છે. સંસારની ઉપાસનાના અભિપ્રાયથી મલિન રહેતું અંતઃકરણ આ વેદનાથી શુદ્ધ થાય છે.

**પૂર્ણતાનું લક્ષ :-**

ઉપરોક્ત વેદનાને કારણે ઉત્પન્ન થયેલી ઉદાસીનતાથી ક્યાંય રસ નથી આવતો. જીવન રસવિહીન થઈ ગયું. એકમાત્ર આત્મકલ્યાણ કેમ થાય? બસ! એક જ વાતના પાયા શોધાઈ રહ્યા છે. અંદરમાં અનેક પ્રકારની લૌકિક મહત્ત્વાકાંક્ષાઓ અને બહારમાં નબળી આર્થિક કૌટુંબિક પરિસ્થિતિ વચ્ચે સૌ પ્રથમ ભૌતિક જીવનની સર્વ મહત્ત્વકાંક્ષાઓનો હૃદયમાંથી ત્યાગ કરે છે. એક પળ માટે સામે આવતા ભવિષ્યના વિચારને જોરથી લાત મારી, ફગાવી દઈ શુદ્ધ અંતઃકરણથી આત્મકલ્યાણ કરી લેવાનો દઢ નિર્ધાર જન્મ લે છે અને અંતરંગમાં આવા મહાન કાર્યના પુરુષાર્થમાં આ આત્મા પરોવાઈ જાય છે. અહો! કેવો અદ્ભુત સંવેગ પ્રગટ થયો છે!! જેમ વાદળા જોઈને સૂર્ય પાછો ફરતો નથી અને નદીનું જળ, વચ્ચે પડેલા પત્થરને ભેદી આગળ વધે છે, પાછું જતું નથી. તેમ ધસમસતા પ્રગટ થતાં નિર્ધાર સહિતના આ પરિણામોને હવે વિશ્વની કોઈ તાકાત રોકી શકે ખરી?

જીવન સમક્ષ ફક્ત એક જ લક્ષ / ધ્યેય અને સંપૂર્ણ શુદ્ધિની ઉપાસના કરવા જતાં ભલે અનેક પ્રકારની અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડે તો પણ આત્મકલ્યાણ કરી જ લેવું છે. એમ વારંવાર આવ્યા કરે છે. અસાધારણ નિશ્ચય શક્તિ અને પરમાર્થને પ્રતિકૂળ પ્રિયજનોનાં અભિપ્રાય સામે અડગ રહેવાની અને ઝઝુમવાની તાકાત અંદરથી સ્ફુરાયમાન થઈ રહી છે. નાહિંમત નહિ થવાની લોખંડી વજ્ર જેવી હિંમત અને છતાં નિર્દોષ વૃત્તિ સાથે અનાદિ અજ્ઞાન અંધકારને ભેદવા માર્ગની શોધ ચાલી રહી છે. આવા અસાધારણ નિશ્ચય સાથે આગળ વધતો આ આત્મા મૂંઝવણથી મૂંઝાતો પણ નથી અને પ્રમાદ પણ નથી થવા દેતો. અત્યંત ધીરજ અને ગંભીરતા સાથે માર્ગને ગ્રહણ કરવાનો પ્રયત્ન ચાલી રહ્યો છે.

જુઓ! કેવા અસાધારણ ગુણો પ્રગટ થયા છે! મુમુક્ષુતા દૈદીપ્યમાન થઈને ઝળકી રહી છે. જેને છૂટવુ જ છે તેને બાંધનાર કોઈ નથી! એ સિદ્ધાંત અનુસાર આ આત્માના આવા અદ્ભુત ગુણો જોઈને હૃદય નમી પડે છે. અનંતકાળમાં જે સત્પાત્રતા પ્રાપ્ત થઈ નહોતી તે સત્પાત્રતા પ્રગટ થઈ. સમ્યગ્દર્શનને રાખવાનું પાત્ર તૈયાર થઈ ગયું !!

**નિજ દોષનું અપક્ષપાતપણે અવલોકનઃ-**

'નિર્દોષ થવાનું પ્રથમ પગથિયું પોતાના દોષની કબુલાત છે'. એ સિદ્ધાંત અનુસાર અડોલ વજ્ર જેવી હિંમત સાથે નિર્દોષ થવા નિકળેલો આ આત્મા સ્વયંના દોષોનું અપક્ષપાતપણે અવલોકન કરે છે અને તે દોષને ટાળવા અર્થે અમલીકરણ પણ કરે છે. કૃપાળુદેવના ગ્રંથનું ગહન ચિંતન તથા મંથન ચાલી રહ્યું છે. જે તે

વાતનો નિશ્ચય કરવા અર્થે પરિણામના અવલોકનપૂર્વક પ્રયોગ પદ્ધતિથી કાર્ય કરવાનું શરૂ થયું. જુઓ! કેવી આત્મહિતની સૂઝ આવી છે! અંદરથી જ અનુભવ-પદ્ધતિથી કાર્ય કરવાની આવી સૂઝ મોક્ષાર્થીને જ આવી શકે. બહારમાં કૃપાળુદેવના ગ્રંથ દ્વારા મળતું માર્ગદર્શન અને અંદરમાં પ્રયોગ પદ્ધતિથી અનેક પ્રકારના પૂર્વગ્રહ તથા વિપર્યાસો મોળા પડવા લાગ્યા. આમ સતત અપક્ષપાતપણે દોષોનું અવલોકન ચાલતાં અંદરમાં જ્ઞાનની નિર્મળતા વધતી ચાલી.

**સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ :-**

તારણહાર કૃપાળુદેવના આત્મ- કલ્યાણના હેતુભૂત માર્ગદર્શનનું મૂલ્યાંકન અતિશયપણે વધતું ચાલ્યું. ઉપકારી શ્રીગુરુની છબીમાં પરમાત્માના દર્શન થતાં તેમના ભૌતિક દેહની છબીમાં મનુષ્યાકૃતિની આકૃતિ ગૌણ થઈને ભાવાત્મક પરમાત્માના દર્શન થતાં હૃદય અશ્રુભીનું થઈ ઊઠે છે. અનંતકાળથી રઝળપાટ કરતાં આ આત્માને તારવા અર્થે જ જાણે કે આ ગ્રંથની રચના થઈ હોય તેમ વારંવાર લાગી આવે છે. આમ કૃપાળુદેવને માત્ર એક સત્પુરુષની નજરે નહીં જોતા એક તારણહાર પરમાત્માની નજરે જોઈ રહે છે. હૃદયમાંથી ધ્વનિ સરી પડે છે અહો! આ પુરુષ આવા વિષમકાળમાં મારે માટે પરમ શાંતિના ધામરૂપ અને કલ્પવૃક્ષ સમાન છે. અહો! મારે માટે તો આ બીજા શ્રીરામ અને મહાવીર છે. આમ કૃપાળુદેવની ભક્તિમાં લીન થઈને તેમના લક્ષણોનું ચિંતન ચાલે છે અને તેઓશ્રીની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરે છે. અહો!



જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું અને નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય પરમ રહસ્યને પ્રાપ્ત થાય છે.

એક મરણથી બચાવે તેના પ્રત્યેનો ઉપકાર પણ વિસ્મૃત થતો નથી તો પછી જે અનંત જન્મ-મરણથી બચાવે તેના પ્રત્યે શું પરમેશ્વરબુદ્ધિ ન આવે? અર્થાત્ પરમેશ્વબુદ્ધિ આવે જ. સર્વ શાસ્ત્રોનો અને સર્વ સંતોના હૃદયના મર્મરૂપ બીજની પ્રાપ્તિ થઈ અર્થાત્ પ્રથમ સમકિત પ્રાપ્ત થયું. આવા પ્રકારના પરિણામોથી જ્ઞાનમાં નિર્મળતા આવવા લાગી, આત્મરુચિ તીવ્ર થતી ગઈ અને અંદરથી આત્માને અનંતકાળમાં નહીં આવેલી તેવી અપૂર્વ જાગૃતિ આવી. આ જાગૃતિ અપૂર્વ છે એવી ચોક્કસ પ્રકારની પ્રતીતિ આવે છે.

**અંતર ખોજ :-**

ઉપરોક્ત પ્રકારના નિર્મળ પરિણામોની સાથે-સાથે આત્મરુચિ તીવ્ર થતી જાય છે. સ્વરૂપપ્રાપ્તિની તીવ્ર જિજ્ઞાસાવશ ઉત્પન્ન વૈરાગ્ય એક નવા તબક્કામાં પ્રવેશ કરે છે. નિજ પરમાત્મસ્વરૂપની અંતર ખોજમાં આ આત્મા એટલો બધો ખોવાયેલો રહે છે કે બહારના વ્યવહારમાં તથા ખાવા-પીવા ઈત્યાદિ નિત્યક્રમમાં ખ્યાલ પણ રહેતો નથી. વૈરાગ્યને કારણે ઉદાસીનતા એટલી બધી આવી ગઈ છે કે જમતી વખતે શું જમે છે? તેનો ખ્યાલ નથી રહેતો. જમવામાં કઈ વસ્તુ પૂરી થઈ ગઈ છે? તેનો પણ ખ્યાલ નથી રહેતો. પહેરવેશ અને બીજી રહેણી-કરણીમાં એટલી બધી સાદાઈ આવી ગઈ છે કે ઘરના લોકોને એવી દહેશત થાય છે કે આ જૈન ધર્મની દીક્ષા લઈ લેશે કે શું ? અહો! ધન્ય છે તે ઉદાસીનતાને!

આત્મસાધના કરવા નીકળેલા આવા આત્માને સંસારમાં શું રુચે? જેમ હંસને મોતીના ચારામાં જ રસ હોય છે તેમ આવા સાધક આત્માને નિજ સ્વરૂપ સિવાય બીજે ક્યાંય રસ નથી આવતો. સુખની સહેલી અને

અધ્યાત્મની જનેતા જ્યાં છે ત્યાં સત્ય સુખ અને આત્માનુભવ કેટલા દિવસ દૂર રહી શકે ? અર્થાત્ એ તો હવે પ્રગટ થવાના જ છે.

**સ્વરૂપ નિશ્ચય :-**

અહો! જેના આધારે અનંત કાળનું સુખ પ્રાપ્ત થવાનું છે, જેના આધારે અનંત કાળથી ચાલી આવતી જન્મ-મરણની શૃંખલા તુટવાની છે, જેના આધારે અતૃપ્ત આત્મા પરિતૃપ્તતાને પામવાનો છે એવા નિજ સ્વરૂપ પ્રાપ્તિની તીવ્ર જિજ્ઞાસાવશ ઉત્પન્ન વૈરાગ્ય તથા ઉદાસીનતાથી આ આસન્ન ભવ્ય જીવના જ્ઞાનમાં નિર્મળતા વધતી જાય છે. જ્ઞાનમાં સ્વભાવ તથા વિભાવ જાતિની પરખ કરવાની ક્ષમતા પ્રગટ થઈ છે. સર્વ પ્રકારના વિભાવભાવ આકુળતારૂપ, મલિનતારૂપ અને વિપરીત સ્વરૂપે ભાસે છે. ચાલતા જ્ઞાન સાથે વિભાવભાવની વારંવાર મિંઢવણી ચાલે છે અને આ પ્રકારે મિંઢવણી ચાલતાં જ્ઞાન તદ્દન અનાકુળ, પવિત્ર અને અવિપરીત સ્વભાવે ભાસે છે. આમ અંતર ખોજ સાથે ચાલતા અવલોકનથી જાતિની પરખ આવવી શરૂ થાય છે. ત્યાં તો, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના સાતિશય વચન યોગને ઉજમાળ કરતો એ ધન્ય દિવસ આવી પહોંચ્યો! કે જે દિવસે નિજ પરમાત્માનો અંતરંગમાં સ્પષ્ટપણે પત્તો લાગી ગયો. ચાલતા જ્ઞાનના પર્યાયમાં જ્ઞાન સામાન્ય / વેદનના આધારે અખંડ એકરૂપ અનંત જ્ઞાન અને અનંત સુખના સામર્થ્યરૂપ સહજ સ્વરૂપનું ભાવભાસન આવ્યું. લૌકિક સમુદ્રને તો તળિયું હોય છે પરંતુ આ તળિયા વગરના નિજ સુખ સમુદ્રને જોતાં અને અનંત ગુણ રત્નોની નિધિને જોતાં પુરુષાર્થે ઉછાળો ખાધો. નિજ સિદ્ધપદનું સાક્ષાત અસ્તિત્વ ગ્રહણ થવાથી નિજ સ્વરૂપનો અપૂર્વ મહિમા ચાલુ થઈ ગયો અને ગુણ નિધાનની અનન્ય રુચિનો ઉછાળો સ્વરૂપ સન્મુખતાના પુરુષાર્થપૂર્વક આવવા લાગ્યો. જેના કારણે ઉદયભાવમાં જતો ઉપયોગ વારંવાર છટકી-છટકીને સ્વરૂપ ભણી આવવા લાગ્યો.

આ પ્રક્રિયા દિન-પ્રતિદિન વેગ પકડે છે. સંવેગ તથા નિર્વેદ બન્ને પ્રકારના પરિણામના અપ્રતિમ જોરના કારણે, સ્વરૂપલક્ષના પરિણામપૂર્વક નિજ પરમાત્મપદની ધૂન ચડી ગઈ અને પુરુષાર્થનો વેગ ફાટફાટ થવા લાગ્યો. જાણે કે અંદરથી પુરુષાર્થનો બંબો ન ફાટ્યો હોય! અનંત કાળથી સુખને અર્થે બહારમાં ભટકતા ઉપયોગને વિશ્રાંતિનું સ્થાન મળી ગયું. જન્મ-મરણની જટીલ સમસ્યાનો ઉકેલ આવી ગયો. પછી તો વિશ્વની એવી કોઈ શક્તિ નથી કે જે આવા પુરુષાર્થને રોકી શકે કે ઉપયોગને નિજ પરમાત્માથી અન્ય રાખી શકે. નિજ સ્વરૂપથી અન્ય - જુદી નહિ રહી શકવાને કારણે વર્તમાન પર્યાયે સ્વરૂપ સાથે અનન્ય થવા અર્થે પુરી શક્તિથી પુરુષાર્થ ઉપાડ્યો.

**આત્મસાક્ષાત્કાર :-**

આજ અરસામાં શ્રી દીપચંદજી કાસલીવાલ કૃત 'અનુભવ પ્રકાશ' ગ્રંથ હાથ આવે છે. તેમના લખાયેલા વચન અનુસાર સ્વરૂપ લક્ષ સહિત ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલી રહ્યો છે. 'અનુભવ પ્રકાશ' ગ્રંથના ગહન અભ્યાસપૂર્વકનું રસાસ્વાદન કરી જેમ એક પાણીદાર અશ્વ તેના માલિકના એક જ ઈશારાથી પવનવેગે દોડવા લાગે છે તેમ આ પૂર્વ સંસ્કારી આત્માને અંતરંગ પરિણમનમાં અપ્રતિહતભાવે પુરુષાર્થની ધારા શરૂ થઈ ગઈ છે.

૨૧ વર્ષની ઉંમર છે. બહારમાં સાવ સામાન્ય દેખાવ હોવા છતાં અંદરમાં આ આત્માને નિજ પરમાત્મ પદનો પત્તો લાગી ગયો છે તે કોઈથી કળી શકાતુ નથી. ૧૦૦ રૂ. ના પગારની નોકરી કરતા આ આત્માને એમ લાગતું કે હું પરમેશ્વર છું અને ત્રણ લોકનો નાથ છું. અંતરંગ પરિણતિ પલટી ગઈ. સ્વરૂપ સન્મુખતાના

પુરુષાર્થ પૂર્વક ભેદજ્ઞાન ધારાવાહીરૂપે ચાલી રહ્યું છે.

પૂર્વ કર્મ અનુસાર શુભાશુભ ભાવ અને ક્રમશઃ ઉદય પ્રસંગ છે; તે સર્વથી હું જ્ઞાનમયપણે હોવાને લીધે ભિન્ન છું. તેમ સમભાવે - સ્વને જ્ઞાનરૂપે વેદવાનો પુરુષાર્થ ચાલી રહ્યો છે. ક્ષણે-ક્ષણે, પ્રસંગે-પ્રસંગે આ પ્રકારનો અભ્યાસ ચાલી રહ્યો છે. જ્ઞાનમાં સ્વ અસ્તિત્વનું ગ્રહણ વેદનથી થતાં ચિદ્રસ ઉત્પન્ન થાય છે. આ ચિદ્રસ પરિણતિમાં સહેજે જઈને ભળે છે. પરિણતિ ઉપયોગને વારંવાર પોતા તરફ ખેંચી લાવે છે. આ પ્રકારના વારંવારના ભેદજ્ઞાનના અભ્યાસથી નિર્વિકલ્પ સ્વરૂપના આશ્રયે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ ઉત્પન્ન થયો અને આત્માના પ્રદેશે-પ્રદેશેથી સ્વસંવેદનજ્ઞાન અને અપૂર્વ આનંદનો અનુભવ થયો. જન્મ-મરણની શૃંખલા તૂટી ગઈ, પરિણતિમાં આનંદના પૂર ઉમટ્યા અને અનાદિકાળથી કર્તૃત્વના બોજ નીચે દબાયેલી પરિણતિ મુક્તતાનો અનુભવ કરવા લાગી. અનુપમ અમૃત આસ્વાદથી પરિણતિ તૃપ્ત થઈ.

અહો ! ધન્ય છે આ અજોડ પુરુષાર્થને !

ધન્ય છે આ પવિત્ર સાધનાને !

**યુગપુરુષ પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામી તથા અન્ય ધર્માત્માઓનો સમાગમ :-**

સુવર્ણપુરી - સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દ્વારા ઉપદિષ્ટ પ્રવચનોનું સંકલન કરતા માસિક 'આત્મધર્મ' ના ૪-૫ અંકો એક મુમુક્ષુ ભાઈ પાસેથી મળતાં તેનો અભ્યાસ કર્યો. ત્યારબાદ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પ્રવચનો સાંભળવાનો પ્રથમ પ્રસંગ બને છે ત્યારે સાથે રહેલા મુમુક્ષુ દ્વારા તેમની વૈશ્નવ તરીકેની ઓળખાણ આપવામાં આવે છે. આ સાંભળી પૂજ્ય ગુરુદેવશ્રી બોલ્યા 'અહીંયાં તો અમારે કોઈ જૈન કે વૈશ્નવ નથી. અમારી દૃષ્ટિમાં તો બધા જ આત્માઓ છે' તેઓશ્રીના સમદૃષ્ટિભર્યા વચનોથી આકર્ષણ થયું અને ત્યાર પછી તો અવાર-નવાર પૂજ્ય ગુરુદેવશ્રીને સાંભળવાનો પ્રસંગ ચાલુ રહ્યો. પ્રથમ ૪-૫ પ્રવચનો પરિક્ષાદૃષ્ટિ અને ચિકિત્સાવૃત્તિથી સાંભળીને એવા નિર્ણય પર આવ્યા કે 'આ તો કોહિનુર હીરો છે'. તેઓશ્રીને આત્મજ્ઞાની તરીકે સ્વીકારીને વધુમાં વધુ સત્સંગ મળે એવી ભાવના રહે છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો જિનમાર્ગ પ્રભાવનાનો ઉદય જોઈને માર્ગ પ્રભાવના માટે અભિપ્રાયપૂર્વક એવા ભાવ થાય છે કે આ અલૌકિક જગત હિતકારક માર્ગની પ્રભાવના થતી હોય તો તે પ્રભાવના પેટે પાટા બાંધીને પણ કરવી જોઈએ. જુઓ! કેવી અદ્‌ભુત માર્ગ ભક્તિ પ્રગટ થઈ



છે!!

પૂજ્ય ગુરુદેવશ્રી સાથે આત્મીયતા વધી ગઈ છે અને સ્વયંની પરિણતિના રસનું પોષણ થતું હોવાને કારણે તેઓશ્રીની સાથે અવાર-નવાર એકાંતમાં ચર્ચાનો પ્રસંગ બને છે. બે જ્ઞાનીપુરુષોની જ્ઞાનગોષ્ઠી કેવી હશે!! જાહેર પ્રવચનમાં વારંવાર થતું પ્રેમાળ સંબોધન, ખાસ સૂક્ષ્મ વિષય ચાલે ત્યારે એકબીજાનું સ્મરણ એક

અદ્વિતીય પ્રેમને સૂચવે છે. એક પ્રભાવશાળી પુરુષના પ્રેમ સાન્નિધ્યમાં રહેવાનો સુદીર્ઘ કાલીન યોગ પ્રાપ્ત થવાથી સોનામાં સુગંધ ભળવા જેવું બન્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની દિવ્ય વાણીનો પ્રથમ ચમત્કારિક સ્પર્શ થતાં જ જેમને વિશ્વની ઉત્તમોત્તમ વસ્તુની પ્રાપ્તિ થઈ એવા પુરુષાર્થમૂર્તિ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના સમાગમમાં આવવાનું બને છે. પાંચ વર્ષ સુધી સતત તેઓશ્રીના પરિચયમાં રહે છે તે વખતે તેઓશ્રીની ઉગ્ર અધ્યાત્મ પરિણતિના નિકટતાથી દર્શન કરે છે. તે જોઈને તેમના પોતાના પરિણામો વિશેષ બળવાન થાય છે. આ દૃષ્ટિકોણથી તેમનો અસીમ ઉપકાર ભાસે છે. પૂજ્ય સોગાનીજીની ચિરવિદાય બાદ તેઓશ્રીના પત્રો અને તત્ત્વચર્ચાનું સંકલન કરી 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' જેવા અધ્યાત્મના ઉચ્ચ કોટિના ગ્રંથનું પ્રકાશન કરે છે. આ રીતે, પૂજ્યસોગાનીજી જેવા એકાવતારી, અદ્વિતિય મહાપુરુષના અક્ષરદેહ દ્વારા તેમની તીવ્ર જ્ઞાનદશાના મુમુક્ષુ સમાજને દર્શન કરાવી મુમુક્ષુ સમાજ ઉપર ઉપકાર કરે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની સભાના ધર્મશોભારૂપ પૂજ્ય બહેનશ્રીના સાન્નિધ્યમાં રહેવાનું સૌભાગ્ય પણ સંપ્રાપ્ત થયું. પૂજ્ય બહેનશ્રી પ્રત્યે સેવા, ભક્તિ તથા સમર્પણનો અપૂર્વ લાભ પણ તેઓશ્રીને પ્રાપ્ત થયો. આમ આવા દુષમકાળમાં જ્યાં એક ધર્માત્મા મળવા પણ દુર્લભ છે ત્યાં ૩–૩ મહાપુરુષનો સમાગમ એ કોઈ અલૌકિક ભાવનાનું ફળ છે. આમ સમગ્ર જીવન પ્રગાઢ સત્સંગ યુક્ત બન્યું.

**પ્રભાવના યોગ :–**

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવના યોગને જોઈને સ્વયંને પ્રભાવના કરવા સંબંધી જે ભાવના હતી તેને સર્વપ્રકારે તેઓશ્રીએ સાકાર કરી. જેમાં મુખ્યતઃ શ્રી સીમંધર સ્વામી જિનમંદિર–ભાવનગર, શ્રી પરમાગમ મંદિર સોનગઢ, શ્રી નંદિશ્વર જિનાલય–સોનગઢ જેવા જિનમંદિરોનાં નિર્માણ કાર્યમાં ગુપ્ત રહી અપૂર્વ ભક્તિપૂર્વક સમર્પણ કર્યું. તદ્‌ઉપરાંત પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવિ પર્યાય – સૂર્યકીર્તિ ભગવાનની સ્થાપના ગામે-ગામ કરાવીને પૂજ્ય બહેનશ્રીની ભાવનાને મૂર્તિમંત સ્વરૂપ આપ્યું.

વળી, તેઓશ્રીની પ્રેરણાથી પૂજ્ય ગુરુદેવશ્રીની સંમતિપૂર્વક શાસ્ત્ર પ્રકાશનાર્થે 'શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ'ની સ્થાપના થઈ. જેમાં લાખ્ખો ગ્રંથ પ્રકાશિત થયા અને વર્તમાનમાં પણ પ્રકાશિત થઈ રહ્યાં છે.

વળી, તેઓશ્રીએ વિવિધ આચાર્યો અને જ્ઞાનીઓ દ્વારા લિખિત સો–એક શાસ્ત્રો જેવા કે શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર, શ્રી નિયમસાર, શ્રી પરમાત્મપ્રકાશ, શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક, શ્રી સમયસાર કળશટીકા, શ્રી અનુભવપ્રકાશ, શ્રી અષ્ટપાહુડ, શ્રી પંચાધ્યાયી, શ્રી ચિદ્‌વિલાસ, શ્રી સમ્યક્‌જ્ઞાન દીપિકા, શ્રી નાટક સમયસાર, શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત અને પુરાણો ઈત્યાદિકનો ગહન અભ્યાસ કરી તેના રહસ્યને તથા હાર્દને સ્વયંની મૌલિક અને સરળ શૈલીથી પ્રવચનો દ્વારા મુમુક્ષુઓને અમૃતપાન કરાવ્યું. નિષ્કારણ કરૂણાથી ૩૫ વર્ષ તેઓશ્રીએ સમયસાર, પ્રવચનસાર, અષ્ટપાહુડ, કળશટીકા, શ્રીમદ્ રાજચંદ્ર, અનુભવ પ્રકાશ, ચિદ્‌વિલાસ, બહેનશ્રીના વચનામૃત, ગુરુદેવશ્રીના વચનામૃત, પરમાગમસાર, સ્વાનુભૂતિદર્શન, ઈત્યાદિક અનેક ગ્રંથો પર જાહેર સ્વાધ્યાય આપ્યો. આ સ્વાધ્યાયમાં માર્ગની વિધિ, ભેદજ્ઞાન, સત્પુરુષ અને સત્સંગનું માહાત્મ્ય, સત્પુરુષ પ્રત્યેની ભક્તિ, ભાવના ઈત્યાદિ અનેક વિષયો ઉપર વિશેષ પ્રકાશ પાડ્યો. તદ્‌ઉપરાંત સાતિશય જ્ઞાનયોગ તથા વચનયોગના પ્રતાપે મુમુક્ષુ જીવોને વર્તમાન ભૂમિકાથી આગળ વધી મોક્ષમાર્ગ

પર્યંત પહોંચવાના ક્રમનું, સ્વયંની મૌલિક શૈલીમાં સુવ્યવસ્થિત પ્રતિપાદન કરીને સમસ્ત મુમુક્ષુ જગત ઉપર અવિસ્મરણિય ઉપકાર કર્યો છે. વર્તમાનમાં જેની ૪૫૦૦ ઓડીયો કેસેટો ભાવનગરમાં ઉપલબ્ધ છે. ભારતમાં તેમજ વિદેશમાં પણ જિનમાર્ગની પ્રભાવનાનું કાર્ય તેઓશ્રી કરેલ છે.

તદ્ઉપરાંત, સ્વયંની અનોખી પ્રાયોગિક શૈલીમાં 'નિભ્રાંત દર્શનની કેડી', 'પ્રયોજન સિદ્ધિ', 'તત્ત્વાનુશીલન ભાગ-૧-૨-૩', 'મુમુક્ષુતા આરોહણ ક્રમ', 'સમ્યગ્દર્શનના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો - અમૃત પત્ર', 'પરિભ્રમણના પ્રત્યાખ્યાન', 'આત્મયોગ' અને 'અનુભવ સંજીવની' કે જેમાં સ્વયંના અંતર મંથનમાંથી સ્ફુરિત વચનામૃતોની સમર્થ રચના દ્વારા જન્મ-મરણની જટિલ સમસ્યાને હલ કરવા અતિ ઉપકારી માર્ગદર્શન આપ્યું છે. વળી, તેઓશ્રીએ 'જ્ઞાનામૃત', 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ', 'પરમાગમસાર', 'પથ પ્રકાશ', 'ભગવાન આત્મા', 'વિધિ વિજ્ઞાન', 'બીજું કાંઈ શોધમાં', 'ધન્ય આરાધના', 'અધ્યાત્મ પરાગ', 'જિન સાસણં સવ્વં', ઈત્યાદિ અનેક ગ્રંથોને સંકલન તથા વિવેચનરૂપે પ્રકાશિત કર્યા.

અધ્યાત્મમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પંચ પરમાગમ તથા અન્ય પરમાગમો ઉપરના વિશિષ્ટ પ્રવચનો ધ્વનિમુદ્રિત કેસેટો ઉપરથી અક્ષરશઃ પુસ્તકાકારરૂપે પ્રકાશિત થાય તેવી તેઓશ્રીની વિચારધારા અને ભાવનાના ફળસ્વરૂપે 'પ્રવચન રત્નાકર' ભાગ ૧ થી ૧૧ પ્રકાશિત કરવામાં તેઓશ્રીનું બહુમૂલ્ય માર્ગદર્શન તથા યોગદાન રહ્યું છે.

તદ્ઉપરાંત પૂ. ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સાધનાના દોહનના ફળસ્વરૂપ, માખણ સ્વરૂપ ૧૪૩ પ્રવચનો પ્રકાશિત થવામાં વિલંબ થયો હોવા છતાં તેઓશ્રીના નિર્દેશન તળે 'પ્રવચન નવનીત' ભાગ ૧-૨-૩-૪ પ્રકાશિત થયા છે. પૂજ્ય ગુરુદેવશ્રીના અન્ય પરમાગમો ઉપરના પ્રવચનો પ્રકાશિત થાય તેવી તેઓશ્રીની ભાવના હતી અને તે પણ ક્રમશઃ પ્રકાશિત કરવામાં આવશે.

**શ્રુત ભક્તિ :-**

મહાન દિગંબર આચાર્યો રચિત અનેક પ્રાચીન પરમાગમો જે ઉપલબ્ધ નથી તેની શોધ અર્થે શ્રી કુંદકુંદ કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ નામક ટ્રસ્ટમાં તેઓશ્રીએ



પ્રાચીન તાડપત્રીનું અવલોકન

તામિલનાડુ તથા કર્ણાટક પ્રાંતમાં શાસ્ત્રની શોધ ચલાવેલ.

જર્મન યુનિવર્સિટી સાથે આ પ્રાચીન શાસ્ત્ર-શોધ અર્થે પ્રયાસ કરી રહ્યાં હતા. તેમજ ઈંગ્લેન્ડ, ફ્રાંસ, જર્મની વગેરે સ્થળોની પ્રસિદ્ધ લાયબ્રેરીઓની મુલાકાત પણ લીધેલ. ભારતમાં આવેલી અન્ય સંસ્થાઓ સાથે મળીને પણ આ પ્રાચીન શાસ્ત્ર શોધનું કાર્ય કરી રહ્યાં હતા અને વર્તમાનમાં પણ તેઓશ્રીની ભાવના અનુસાર આ કાર્ય ચાલી રહ્યું છે.

'શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ'માં હિન્દી તથા ગુજરાતીમાં પ્રકાશિત થતી માસિક આધ્યાત્મિક પત્રિકા 'સ્વાનુભૂતિપ્રકાશ'ને અપૂર્વ નિર્દેશન આપી રહ્યાં હતાં. આ પત્રિકા દ્વારા સમાજ પર્યંત અધ્યાત્મ તત્ત્વ પહોંચે

તેવી ભાવનાથી આ પત્રિકાનું નિઃશુલ્ક વિતરણ પણ તેઓશ્રીના અનુગ્રહથી ચાલી રહ્યું છે.

**મહાપ્રયાણ :-**

તા.૨૧-૩-૯૯, ચૈત્ર સુદ ચોથ, રોજીંદા ક્રમ પ્રમાણે સાંજના



સત્સંગનો કાર્યક્રમ પૂરો થયો. કુદરતની કોઈ અકળ ગતિ આવી પહોંચી. રાત્રિના ૧:૩૦ વાગે હૃદયમાં દુખાવો શરૂ થયો. વેદના વધતી જતી હતી તેમ છતાં કોઈ અણસાર આવવા દીધો નહીં. પોતે પોતાના પુરુષાર્થમાં લાગેલા રહ્યાં. તેમના નાના દિકરા પંકજભાઈ સાથે પૂજ્ય બહેનશ્રીની તથા પૂજ્ય ગુરુદેવશ્રીની વાતો કરવા લાગ્યા. અંદરમાં આત્મસ્વરૂપ પ્રત્યેની પુરુષાર્થની ભીંસ વધતી ગઈ, બહારમાં ઉપકારી શ્રીગુરુના સ્મરણો વાગોળતા ગયા. અશાતા વેદની ગૌણ થઈ ગઈ અને આત્મિક પુરુષાર્થ બળ પકડવા લાગ્યો. ડૉક્ટરોની સૂચના પ્રમાણે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. ત્યાં ગયા ત્યારે શારીરિક પરિસ્થિતિ કાંઈક વધારે કથળી અને અંતરમાં અણસાર આવી ગયો કે હવે આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છૂટવાની ઘડીઓ ગણાઈ રહી છે. તેથી પોતે તીવ્ર વેદના હોવા છતાં ધ્યાનમાં બેસી ગયા. આજીવન સાધેલી અખંડ આત્મ સાધના છેલ્લી ઘડીએ આવિર્ભૂત થઈ. અશાતા વેદનીને અત્યંત ગૌણ કરી, ઉપેક્ષા કરી ઉપયોગે અંતર્મુખ થવાનો પુરુષાર્થ આદર્યો. સામાન્ય જ્ઞાનવેદન આવિર્ભૂત થઈ પ્રદેશે-પ્રદેશે સ્વસંવેદનનું રસાસ્વાદન થયું, પુરુષાર્થે ભીંસ લગાવી નિજ સ્વરૂપનું અવલંબન લીધું, ઉપયોગ સર્વથી છૂટો પડી નિજ સ્વરૂપમાં રમવા લાગ્યો. અનંતા કર્મોની નિર્જરા થઈ. બહારમાં ડૉક્ટરો એમનું કામ કરતા રહ્યાં, મુમુક્ષુઓ અસહાય બની સ્વયંના વ્હાલા શ્રીગુરુની સ્થિતિ જોતા રહ્યાં અને પંચમકાળ પોતાનું કામ કરતો રહ્યો. દેહ અને આત્મા જુદા છે તેનો પ્રત્યક્ષ અનુભવ કરી પોતે જીવન સફળ બનાવ્યું. ચૈત્ર સુદ-૫, તા-૨૨-૩-૯૯, પરોઢીયે ૪:૧૫ કલાકે એક ભવ ઓછો કર્યો અને ધ્યેયની સમીપ પહોંચ્યા. ન જોઈતી, નહિ ઈચ્છેલી પરિસ્થિતિ આવીને ખડી થઈ ગઈ. અંદરમાં દેહ અને આત્માની ભિન્નતાનો અનુભવ અને બહારમાં પણ દેહ અને આત્માની ભિન્નતાની વાસ્તવિકતા ખડી થઈ ગઈ.


મુમુક્ષુઓના જીવન આધાર, મુમુક્ષુઓને નિઃસહાય, અનાથ મુકીને ચાલ્યા ગયા. શું કુદરતને આ પરિસ્થિતિ મંજુર નથી કે આવા દિવ્ય પુરુષો શાશ્વત આ ધરાતલ પર બિરાજમાન રહે? શું કુદરત આટલી હદે નિષ્ઠુર થઈ શકે છે? શું કાળને કોઈપણ પ્રકારની દયા ન આવી અને સર્વ મુમુક્ષુઓના વ્હાલસોયા પરમેશ્વરને છીનવી લીધા ? આવા-આવા અનેક પ્રશ્નોના અસમાધાન વચ્ચે મુમુક્ષુઓ ચોધાર આંસુએ જોતા રહ્યા. એક વિરાટ વ્યક્તિત્વનો વિયોગ – મુમુક્ષુઓ માટે એક વજ્રપાત સમાન નિવડ્યો. મુમુક્ષુઓ અવાચક નેત્રોથી સ્વયંના શ્રીગુરુની વસમી વિદાય જોઈ રહ્યાં. દૂર-દૂર સુધી ફેલાયેલી અમાપ ક્ષિતિજોમાં સ્વયંની આભા ફેલાવી આ વિશ્વવિભૂતિનું મહાપ્રયાણ થયું.

**- ઉપકૃત મુમુક્ષુવૃંદ**

**('અનુભવ સંજીવની'માંથી સાભાર ઉદ્ધૃત )**

**આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદઆચાર્યદેવના આચાર્યપદવીદિન માગશર વદ આઠમના (૨૩-૧૨-૨૪) મંગલ અવસર પર તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન!!**

**''મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમોગણી**
**મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં''**








**હે કુંદકુંદાદિ આચાર્યો! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.**

– શ્રીમદ્ રાજચંદ્ર

(આભ્યંતર પરિણામ અવલોકન-હાથનોંધ ૨, પૃષ્ઠ ૪૫)

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
**Title Code : GUJGUJ07425**
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન **-09825155066**

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition : **1295**
Visit us at : http://www.satshrut.org

mayur process 9374825041